# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૭૪ તા.૨૩-૩-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- મધ્યાહન ભોજન યોજના અન્વયે આઈવીઆરએસની માહિતી મોકલવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે સરકારશ્રીની સૂચના અનુસાર મધ્યાહન ભોજન યોજના અન્વયે તમામ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓએ આઈવીઆરએસની માહિતી નિયમિતપણે આપવાની રહે છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ હેઠળની શાળાઓ પૈકી કેટલીક શાળાઓ તરફથી આ માહિતી કમિશનરશ્રી, મ.ભો.યો., ગાંધીનગર ખાતે આપવામાં આવતી ન હોવાની રજૂઆત અત્રે મ.ભો.યો.ની કચેરી, અમદાવાદ દ્વારા આવેલ છે. આથી સરકારશ્રીનો સદર યોજનાનો ૧૦૦% લક્ષ્યાંક પૂર્ણ થયેલ નથી. આ અગાઉ આઈવીઆરએસની માહિતી મોકલવા જાણ કરેલ છે. તો તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓએ ઉપરોકત માહિતી સમયસર મોકલવાની રહેશે.

તા.૨૩-૩-૧૭

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી